

**<u>પ્રેસ.નોટ તા.૨૮/૦૬/૨૦૨૩</u>**

**<u>પીપાવાવ મરીન પોલીસ સ્ટેશન વિસ્તારનાં, રામપરા-૨ ગામેથી ગેરકાયદેસર માદક પદાર્થ સુકા પોષ ડોડાનાં ખાલી ખોખા તથા તેનો ભુકકો ૬૨.૬૮૩ કિલો ગ્રામ તથા અફીણ ૧.૦૧૮ કિ.ગ્રામ તથા અન્ય મુદ્દામાલ મળી કુલ કિ.રૂા.૨,૧૫,૯૯૯/- નાં જથ્થા એક આરોપીને ઝડપી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ.</u>**

ગુજરાત રાજ્યના અધિક પોલીસ મહાનિદેશકશ્રી સી.આઇ.ડી.ક્રાઇમ અને રેલ્વેઝ, ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા રાજ્યમાં ગેરકાયદેસર નાર્કોટીક્સના પદાર્થ, કેફી ઔષધો, મન:પ્રભાવી દ્રવ્યોના ગેરકાયદેસર વેપાર, હેરા-ફેરી, વેચાણ અટકાવવા તથા ૨૬ મી જુન ઈન્ટરનેશનલ ડ્રગ્સ-ડે ની ઉજવણીનાં ભાગ રૂપે જરૂરી સુચનાઓ આપવામાં આવેલ. જેના ભાગ રૂપે એ.ટી.એસ.ના માર્ગદર્શન હેઠળ માદક પદાર્થના ગેરકાયદેસર વેચાણ અને વહન અંગેના કેસો કરવા અને તેવા પદાર્થ શોધી તેનું ગેરકાયદેસર વેચાણ કરતા ઇસમોને ઝડપી પાડવા અને ગુજરાત રાજ્યને નશા મુક્ત કરવા અભિયાન હાથ ધરેલ છે.

જે અનુસંધાને શ્રી સાહેબ, પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ, ભાવનગરનાંઓની જરૂરી સુચનાં અને માર્ગદર્શન હેઠળ અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ નાઓએ એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, તથા એસ.ઓ.જી.પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી તથા પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી. ટીમને અમરેલી જીલ્લામાં કેફી પદાર્થોનું ગેરકાયદેસર રીતે વેંચાણ કરતા ઈસમોને ઝડપી પાડી યુવાધનને બરબાદીનાં રસ્તે જતા અટકાવવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય, એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી.ટીમ પીપાવાવ મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં એ.ટી.એસ. ચાર્ટર લગત પેટ્રોલીંગમાં હતા. દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, રામપરા-૨ ગામમાં રહેતા સોમાભાઇ ગાંડાભાઇ વાઘ, રહે. રામપરા-૨ તા.રાજુલા જિ.અમરેલી વાળા પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાને

ગેરકાયદેસર માદક પદાર્થનો જથ્થો રાખી વેચાણ કરે છે. તેવી ચોક્કસ અને આધારભુત બાતમી હકિકત અન્વયે સદરહું જગ્યાએ રેઇડ કરતા એક ઈસમને ઝડપી પાડવામાં સફળતા પકડાયેલ આરોપી ઃ-

મળેલ છે.

સોમાભાઇ ગાંડાભાઇ વાઘ, ઉ.વ.૭૨, ધંધો-ખેતી, રહે.રામપરા-૨, રાધા-કૃષ્ણ મંદિરવાળી શેરી, તા.રાજુલા, જિ.અમરેલી.

પકડાયેલ મુદ્દામાલ ઃ-

સુકા પોષ ડોડાનાં ખાલી ખોખા તથા તેના ભુકકાનો જથ્થો કુલ વજન-૬૨.૬૮૩ કિલો ગ્રામ કિ.રૂા.૧,૮૮,૦૪૯/- તથા કાળા કલરનો ઘટ્ટ માદક પદાર્થ અફીણ જેનું વજન ૧.૦૧૮ કિ.ગ્રામ કિ.રૂા.૨૫,૪૫૦/- તથા એક ઈલેક્ટ્રીક વજન કાંટાની કિ.રૂા.૧૫૦૦/- તથા એક મોબાઇલ ફોન ની કિ.રૂા.૧૦૦૦/- મળી કુલ કિ.રૂા.૨,૧૫,૯૯૯/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવેલ છે મજકુર ઈસમને વધુ તપાસ અર્થે પીપાવાવ મરીન પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાઓની સુચનાં અને માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી.પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી.પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી તથા પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી.ટીમનાં એ.એસ.આઇ. તથા હેડ કોન્સ., તથા પો.કોન્સ., દ્વારા કરવામાં આવેલ છે.

## **પ્રેસ.નોટ તા.૨૯/૦૬/૨૦૨૩**

## **અમરેલી સીટી પોલીસ સ્ટેશનના છેતરપીંડીના કામે ૨૯ વર્ષથી નાસતા ફરતા લીસ્ટેડ આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમા ગુનાઓ કરી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જીલ્લામા ગુનાઓ આચારી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમે અમરેલી સીટી પો.સ્ટે. એમ કેસ નં.૧૭/૧૯૯૪, ઇ.પી.કો. કલમ ૪૨૦** મુજબના કામે આરોપી છેલ્લા ૨૯ વર્ષથી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતો ફરતો હોય, ટેક્નીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે અમદાવાદ મુકામેથી મજકુર લીસ્ટેડ આરોપીને પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સારૂ અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

➭ **પકડાયેલ આરોપીની વિગતઃ-**

કનુભાઇ વિઠ્ઠલભાઇ પટેલ, ઉ.વ.૬૭, રહે.અમદાવાદ, નવા વાડજ, અખબારનગર, ૧૭ – ન્યુ અખંડાનંદ સોસાયટી, જિ.અમદાવાદ.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **એલ.સી.બી. ટીમના હેડ કોન્સ.** તથા **પો.કોન્સ.** દ્વારા કરવામાં આવેલ છે.

## <u>પ્રેસ.નોટ તા.૩૦/૦૬/૨૦૨૩</u>

## <u>ખાંભા તાલુકાના પાટી ગામે માતા – પુત્રની હત્યાનો ભેદ ઉકેલી આરોપીઓને પકડી પાડી, ખુનનો ગુનો ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી.</u>

⇨ **<u>ગુનાની વિગતઃ-</u>**

ગઇ તા.૨૬/૦૬/૨૦૨૩ નાં સાંજના પાંચેક વાગ્યાથી તા.૨૭/૦૬/૨૦૨૩ નાં કલાક અગિયાર વાગ્યાના સમય દરમિયાન ખાંભા તાલુકાના પાટી ગામની સીમમાં આવેલ સુરેશભાઇ જીવરાજભાઇ સુહાગીયાની વાડીએ અજાણ્યા ઇસમો કોઇ પણ ઇરાદે આવી, સુરેશભાઇ જીવરાજભાઇ સુહાગીયા, ઉ.વ.૬૫, રહે.પાટી, તા.ખાંભા, જિ.અમરેલી વાળાને ગળા તથા માથાના ભાગે તીક્ષ્ણ હથિયાર અને બોથડ પદાર્થ વડે તેમજ સુરેશભાઇના માતા દુધીબેન ઉ.વ.૯૫ ને માથામાં જીવલેણ ઇજાઓ કરી, બન્નેના મોત નિપજાવેલ હોય, જે અંગે જીતેન્દ્રભાઇ ધુસાભાઇ સુહાગીયા, ઉ.વ.૩૩, રહે. પાટી, તા.ખાંભા, જિ.અમરેલી વાળાએ ફરીયાદ જાહેર કરતા **ખાંભા પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૨૭૨૩૦૨૬૯/૨૦૨૩, આઇ.પી.સી. કલમ ૩૦૨, ૪૪૯ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ** ગુનો અજાણ્યા આરોપી વિરૂધ્ધ રજી. થયેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા ખુન જેવા ગંભીર અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ ગુના વાળી જગ્યાની વિઝીટ કરેલ અને આ ખુનના ગુનાને અંજામ આપી, નાસી જનાર અજાણ્યા આરોપીને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા **સાવરકુંડલા ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓના સુપરવિઝન હેઠળ એલ.સી.બી. તથા જિલ્લાની જુદી જુદી ટીમો બનાવી, આરોપીને પકડી પાડવા માર્ગદર્શન આપેલ હતું.

**અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **એલ.સી.બી. ટીમ** દ્વારા અજાણ્યા આરોપીઓ અંગે સઘન તપાસ કરવામાં આવેલ. શકદારોને ચેક કરવામાં આવેલ. ગુના વાળી જગ્યાની આજુબાજુમાં રહેતા રહીશો તથા મરણ જનાર સગા સબંધીઓની પુછપરછ કરી, આ ગુનો બનવા પાછળના કારણ અંગે તપાસ કરવામાં આવેલ. અંગત બાતમીદારો અને ટેકનીકલ સોર્સ દ્વારા આરોપીઓ અંગે તપાસ દરમિયાન બે શકમંદ ઇસમોને રાઉન્ડ અપ કરી તેમની સઘન પુછપરછ કરતાં તેઓએ આ ગુનાને અંજામ આપેલ હોવાની ચોંકાવનારી કબુલાત આપેલ હતી.

⇨ **<u>પકડાયેલ આરોપીઓની વિગતઃ-</u>**

**(૧) મનસુખ ઉર્ફે મનો ઉર્ફે મુન્નો નાનજીભાઇ વાઘેલા,ઉ.વ.૩૭, રહે.ફાટસર તા.ગીરગઢડા, જિ.ગીર સોમનાથ. હાલ રહે.ઉગલવાન, વાડી વિસ્તાર, તા.મહુવા, જિ.ભાવનગર.**

**(૨) નરેશ ઉર્ફે નરીયો નાનજીભાઇ વાઘેલા, ઉ.વ.૨૩, રહે.ફાટસર, તા.ગીરગઢડા, જિ.ગીર સોમનાથ. હાલ રહે.ઉગલવાન, વાડી વિસ્તાર, તા.મહુવા, જિ.ભાવનગર.**

➩ **<u>પકડાયેલ આરોપીઓની પુછ પરછ દરમિયાન ખુલવા પામેલ હકિકતઃ-</u>**

પકડાયેલ આરોપીઓ પૈકી મનસુખ ઉર્ફે મનો અગાઉ પાટી ગામની બાજુમાં આવેલ નેસડી ગામની સીમમાં વાડી ભાગવી રાખી રહેતો હોય, જેથી સુરેશભાઇની વાડી મકાનથી વાકેફ હોય અને આ કામે મરણ જનાર સુરેશભાઇ જીવરાજભાઇ સુહાગીયા રહે.પાટી, તા.ખાંભા વાળા ગામના લોકોને પૈસાની જરૂરીયાત હોય, તો આ સુરેશભાઇ ગામ લોકોને પૈસા ઉછીના આપતા હોવાનું જાણતો હોય, જેથી મનસુખ ઉર્ફે મનાને પૈસાની જરૂરીયાત પડતા મનસુખ તથા તેનો ભાઇ નરેશ એમ બન્ને ગઇ તા.૨૬/૦૬/૨૦૨૩ ના રોજ પાટી ગામે ચોરી કરવાના ઇરાદે રાત્રીના આશરે દસેક વાગ્યે આવેલ. ત્યાં વાડીએ આ સુરેશભાઇ જાગતા હોય અને બેટરી મારતા, સુરેશભાઇ આ મનસુખને ઓળખી જતા, મનસુખે વાડીમાં પડેલ ખેતીના ઓજાર ખંપાળી વડે સુરેશભાઇને માથામાં મારતા, સુરેશભાઇ પડી જતા સુરેશભાઇના હાથમાંથી કુહાડી લઇ મનસુખે માથામા તથા ગળાના ભાગે ગંભિર ઇજાઓ કરી મોત નિપજાવેલ બાદ બન્ને વાડીમાં આવેલ મકાને જતા જયાં સુરેશભાઇના માતા દુધીબેન રૂમની બહાર સુતા હોય અને મકાનના રૂમમાં તાળુ મારેલ હોય જેથી દુધીબેનને મકાનના રૂમની ચાવી તથા પૈસા આપવા કહેતા, આ વખતે દુધીબેન દેકારો કરવા લાગતા આરોપી મનસુખ પાસેથી નરેશએ કુહાડી લઇ, કુહાડી વડે આ દુધીબેનને માથામાં ગંભિર ઇજા કરી, મોત નિપજાવેલ. અને મકાનના રૂમનું લોક તોડી અંદર તપાસ કરતા કોઇ રોકડ રકમ નહિ મળી આવતા આ બન્ને ત્યાંથી નાસી ગયેલ.

આ બનાવ ઉપરાંત આજથી અઢી વર્ષ પહેલા આરોપી મનસુખ ઉર્ફે મનો પાટી નેસડી ગામની સીમમાં મજુરી કામ કરતો હોય તે વખતે મરણ જનાર સુરેશભાઇના ભાઇ અરવિંદભાઇની વાડીએથી લાકડા તથા બોર લઇ ગયેલ હોય જે બાબતે અરવિંદભાઇએ ઠપકો આપતા જે બાબતનું મનદુઃખ રાખી, મનસુખ ઉર્ફે મનો નાનજીભાઇ વાઘેલાએ આ અરવિંદભાઇને લાકડાના બડીયા વતી માથામાં ગંભીર ઇજાઓ કરી, મોત નિપજાવેલ જે અંગે અરવિંદભાઇના પત્નીએ ફરીયાદ આપતા ખાંભા પો.સ્ટે.માં ખુનનો ગુનો રજી. થયેલ. જે ગુનામાં આ મનસુખ ઉર્ફે મનાને અટક કરી, જેલ હવાલે કરવામાં આવેલ.

➩ **<u>પકડાયેલ આરોપી મનસુખ ઉર્ફે મનો નાનજીભાઇ વાઘેલાનો ગુનાહિત ઇતિહાસઃ-</u>**

પકડાયેલ આરોપી મનસુખ ઉર્ફે મનો નાનજીભાઇ વાઘેલા નીચે મુજબના ગુનાઓ રજી. થયેલ છે.

(૧) ખાંભા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૨૭૨૧૦૦૧૯/૨૦૨૧, આઇ.પી.સી. કલમ ૩૦૭, ૩૦૨, તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ.
(૨) ગીર ગઢડા પો.સ્ટે. (ગીર સોમનાથ) પ્રોહી. ગુ.ર.નં.૭૬/૨૦૧૭, પ્રોહી. કલમ ૬૬(૧)બી, ૮૫(૧)૩ મુજબ.

➩ **<u>પકડાયેલ આરોપી નરેશ નાનજીભાઇ વાઘેલાનો ગુનાહિત ઇતિહાસઃ-</u>**

પકડાયેલ આરોપી નરેશ નાનજીભાઇ વાઘેલા નીચે મુજબના ગુનાઓ રજી. થયેલ છે.

(૧) કોડીનાર પો.સ્ટે.(ગીર સોમનાથ) એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૮૬૦૦૨૨૨૦૨૯૧/૨૦૨૨, આઇ.પી.સી. કલમ ૩૦૨ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ.
(૨) ચોરવાડ પો.સ્ટે. (જુનાગઢ) એ પાર્ટ ગુ.ર.નં.૧૧૨૦૩૦૧૨૨૦૦૦૨૭/૨૦૨૦, આઇ.પી.સી. કલમ ૩૨૩, ૧૧૪, તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ.

(૩) ગીર ગઢડા પો.સ્ટે. (ગીર સોમનાથ) એ પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૮૬૦૦૧૨૦૦૬૧૦/૨૦૨૦, આઇ.પી.સી. કલમ ૩૮૦, ૪૫૭ મુજબ.

(૪) સુત્રાપાડા પો.સ્ટે. (ગીર સોમનાથ) ફ. ગુ.ર.નં. ૪૭/૨૦૧૯, આઇ.પી.સી. કલમ ૩૭૯ મુજબ.

(૫) ગીર ગઢડા પો.સ્ટે. (ગીર સોમનાથ) ફ. ગુ.ર.નં. ૨૧/૨૦૧૯, આઇ.પી.સી. કલમ ૩૭૯, ૧૧૪ મુજબ.

(૬) ગીર ગઢડા પો.સ્ટે. (ગીર સોમનાથ) સી પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૮૬૦૦૧૨૨૦૦૨૮/૨૦૨૨, પ્રોહી. કલમ ૬૫(એ)(એ) મુજબ.

(૭) ગીર ગઢડા પો.સ્ટે. (ગીર સોમનાથ) સી પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૮૬૦૦૧૨૦૦૫૬૫/૨૦૨૦, પ્રોહી. કલમ ૬૬(૧)બી મુજબ.

(૮) સુત્રાપાડા પો.સ્ટે. (ગીર સોમનાથ) સી. પાર્ટ ગુ.ર.નં.૧૧૧૮૬૦૦૬૨૦૦૦૫૮/૨૦૨૦, પ્રોહી. કલમ ૬૬(૧)બી મુજબ.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **અમરેલી એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.